# સાબરકાંઠાના દવાઓના ઓનલાઈન વેપાર સામે દેખાવો

તલોદ, તા. ૯

ખોરાક-ઔષધ અને પ્રશાધનના કાયદાની ''ઐસી કી તૈસી'' કરીને દેશભરમાં દવાઓના ઓનલાઈન વેપલાઓ બેફામ અને બેરોકટોક દવાઓનું વેચાણ કરીને જનઆરોગ્ય સામે ખતરો પેદા કરીને વિકરાળ પંજો ફેલાવ્યો છે. જેને તાકિદે બંધ કરવાની કેન્દ્ર કમિશ્નરને આવેદનપત્ર આપ્યા હતા.

ઓનલાઈન દવાઓનો બેફામ વ્યાપક બનેલો વેપાર તદ્દન ગેરકાયદેસર છે અને તે થકી માનવજાતને ભારે હાની પહોંચી રહી છે. દવાની દુકાનોએ પ્રિસ્ક્રીપ્શન વગર નહિ મળતી નશીલી દવાઓ સહિતની પ્રતિબંધક દવાઓ પણ સંગઠનોએ વાંધાઓ પણ રજૂ કર્યા હતા. પરિણામે એ વરવી વાસ્તવિકતા પૂરવાર થતી હતી કે ઓનલાઈન દવાઓના વેચાણને કોઈ કાયદાકીય મંજૂરી નથી અને તેથી વેચાણ થતી દવાઓ ઓનલાઈન ઓર્ડર તથા તે અંગેની જાહેરાતો અને દવાઓ ગ્રાહક સુધી પહોંચાડતા કુરિયર સહિતના




સરકારને ફરજ પડે તે માટે આજે ભારે આક્રોશ સાથે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ઉમટી પડેલા જિલ્લાભરના દવાના સોંકડો વેપારીઓએ હલ્લાબોલ મચાવી, રેલી કાઢી, સૂત્રોચ્ચાર કરી દેખાવો કરી કલેક્ટર અને ખોરાક અને ઔષધ નિયમનતંત્રના મદદનીશ ઓનલાઈનથી લોકો ખરીદતા હોવાનું મનાય છે. આ ઓનલાઈન દવાઓના વેચાણની આખીય પ્રક્રિયા ગેરકાયદેસર હોવા સંદર્ભની રજૂઆતો કેન્દ્ર સરકાર સમક્ષ કેમિસ્ટ સંગઠનોએ અવારનવાર કરી છે. તેમજ ઓનલાઈન દવાના વેચાણ માટેના કેન્દ્ર સરકારે બહાર પાડેલ નીતિ નિયમો સામે કેમિસ્ટ એકમોની પણ આખી પ્રક્રિયા ગેરકાયદેસર છે.

આ ગેરકાયદેસર ચાલતી અને જાહેર જનજીવન માટે ભારે જોખમી પૂરવાર થતી ઓનલાઈન દવાઓના વેચાણની પ્રક્રિયાને મદ્રાસ હાઈકોર્ટે તથા દિલ્હી હાઈકોર્ટે પણ ''રૂક જાવ''નો આદેશ આપેલ છે.

# સાબરકાંઠામાં શીતલહેર યથાવત : ઠંડીથી નગરજનો ઠુંઠવાયા

## સતત ફુંકાઈ રહેલા પવનથી ઠંડી વધુ લાગે છે : ઉત્તરાયણ આસપાસ માવઠું થવાની શક્યતા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે શીતલહેર ચાલી રહી હોવાને કારણે લોકો ઠંડીથી ઠુંઠવાઈ રહ્યા હોવાને કારણે તેની અસરો દિવસે પણ જોવા મળી રહી છે. દિવસ દરમ્યાન ધીમી ગતિએ ફુંકાઈ રહેલા પવનને કારણે ઠંડીમાં ઓર વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ ઉત્તરાયણ આસપાસ માવઠુ થવાની શક્યતા જણાવાઈ રહી હોવાને કારણે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનું જોર વધે તેમ છે.

સાબરકાંઠામાં ખાસ કરીને અત્યારે વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા પંથકમાં છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી ઠંડીને કારણે આ વિસ્તારમાં રહેતા લોકો તેનાથી ટેવાઈ ગયા હોય તેમ તેઓની દિવસની દિનચર્યા મોડી શરૂ થઈને વહેલી પૂર્ણ થઈ જાય છે. સાંજ પડતાથી સાથે જ આ વિસ્તારો



સુમસામ બની જતા હોવાને કારણે શિયાળામાં બહારથી આવતા લોકો વહેલાસર આવી જાય છે.

બીજી તરફ જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ પ્રમાણમાં ઠંડીની અસરો દેખાઈ રહી છે. બુધવારે હિંમતનગરનું તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં એટલે કે ઉત્તરાયણ પછીના દિવસોમાં અથવા તો તે પહેલા વાતાવરણમાં આવનાર પલ્ટાને કારણે ક્યાંક કમોસમી વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરાઈ રહી હોવાને કારણે તે પછીના દિવસોમાં ઠંડીનું જોર અત્યાર કરતા વધુ રહે તો નવાઈ નહી.

જિલ્લામાં પડી રહેલી ઠંડીને કારણે ખાસ કરીને શિયાળુ પાક તરીકે ઓળખાતા ઘઉં, દિવેલા, વરીયાળી, રાયડો અને ચણાના પાકને પુષ્કળ ફાયદો થઈ રહ્યો છે. જોકે તેમાં ખાસ કરીને ચણાના પાકમાં ઈયળનો ઉપદ્રવ શરૂ થઈ ગયો હોવાને કારણે ખેડૂતોએ રાસાયણિક દવાઓનો છંટકાવ કરી દીધો છે. તથા કૃષિ તજજ્ઞો પણ આવા પાકમાં જરૂર પુરતુ પાણી આપવાની ભલામણ કરી રહ્યા છે.

# મહિયલમાં ગટરો ઉભરાતા ગ્રામજનો ત્રાહિમામ

તલોદ, તા. ૯

તલોદ નજીકના મહિયલ ગામમાં લોકોના ઘર આગળ જ ગંદા પાણીનું ખાબોચિયું ભરાયુ



હોવાથી આ વિસ્તારના મહિયલવાસીઓ તોબા પોકારી ગયા છે. આ ગંધા ગોબરા પાણીનો ભરાવો ઘણા દિવસોથી થયો છે. એમાં દરરોજ બીજુ ગંદુ પાણી ઉમેરાય છે તેથી નવા નવા રોગ ફેલાય તેવુ લાગી રહ્યું છે.

આ પાણી રોકવાનું કે કાઢવાનો ઉપાય મહિયલ ગ્રામ પંચાયત નહિ કરતી હોઈ બુધવારે સવારે મહિયલના યુવાનોએ તલોદના ટીડીઓને આવેદનપત્ર આપ્યુ હતુ.

ટીડીઓએ હૈયાધારણ આપીને પોતે પણ ઘટનાસ્થળની તપાસ કરશે તેમ કહ્યુ હતુ. મહિયલમાં ગટરયોજનાની પાઈપલાઈન છે. તેમાં આગળ કોઈકે પાઈપ તોડી ફોડીને કે તેને બંધ કરી દઈને પાણીના જતા વેગને અટકાવી દીધો હોઈ મહિયલની આ દશા થઈ છે.

અગાઉના પૂર્વ સરપંચ અને ડેપ્યુટી સરપંચ તથા પંચાયતના સભ્યોએ ન્હાવા-ધોવાના પાણીમાં નિકાલ માટેની ગટરલાઈન નાખી હતી. જેમાં રહેવાવાળાના ઘરના કનેકશનો જોડ્યા હતા. આ પાઈપમાંથી પાણી નહીં જતાં ખૂબ પાણી મહિયલ ગામના ઘરો આગળ તલાવડાની જેમ ભરાયું છે. તેથી રોગચાળો પણ ચાલુ થયો છે છતાં પંચાયત કે આરોગ્યતંત્ર કશું કરતા નથી તેવું યુવાનો જણાવી રહ્યા છે. પંચાયતનું પીવાનુ પાણી પણ પીવાલાયક આવતુ નથી જે ગંદુ હોય છે.

તાલુકા અને જિલ્લાનુ આરોગ્ય વિભાગ અને ટીડીઓનો વિભાગ વગેરે તત્કાળ કંઈક કરે તેવી માગણી કરી છે.

# કિશોરપુરા ગામની પંચાયતને સમરસની ગ્રાન્ટ ૧૫ દિવસમાં ફાળવવા હૈયાધારણા

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લામાં મોડાસાના કિશોરપુરાની સમગ્ર ગ્રામ પંચાયત સમરસ થયા પછી સમય વીતવા છતાં સરકારના નિયમો મુજબ ગ્રામ પંચાયતને મળવાપાત્ર ગ્રાન્ટની રકમ નહિ ફળવાતા લોકોમાં કચવાટ જાગ્યો હતો.

આ પ્રશ્ને સ્થાનિક આગેવાન અને જિલ્લા પંચાયતના પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન વસંતભાઈ પટેલે ગાંધીનગર ખાતે ગાંધીનગર ખાતે વિકાસ કમિશ્નરને આજે રજૂઆત કરતા પંદર દિવસ મા ગ્રાંટ મળી જશે અને તાત્કાલિક મંજૂરી ખાસ કિસ્સા મા આપવામા આવશે તેવી હૈયાધારણ મળતા લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર,તા.૯

ગુજરાત ટુરિઝમ દ્વારા આયોજિત પ્રોત્સાહિત એવોર્ડ વિતરણ સમારોહમાં રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત વૈશ્વિક સ્તરે દેશ-વિદેશના પર્યટકોને આકર્ષી રહ્યું છે. રાજ્ય સરકારે પ્રવાસન સ્થળો અને પર્યટન વિકાસ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ યોજાતા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, રણોત્સવ, પોળોત્સવ, વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ, ઉતરાર્ધ મહોત્સવ જેવા કાર્યક્રમોમાં દેશ-વિદેશમાં વસતા પર્યટકો આવે છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત પાસે તેનો હેરિટેજ વારસો પણ એટલો જ સમૃધ્ધ છે. જેમાં પાટણની રાણકીવાવ, ધોળાવીરા, પોળોના કલાત્મક મંદિરો, ચાંપાનેર વિદેશી પર્યટકોમાં પ્રિય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિએ પણ સમગ્ર વિશ્વનું ધ્યાન દોર્યું છે.

રાજ્યપાલશ્રી દ્વારા સોમનાથ ટ્રસ્ટ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, પ્રવાસન ક્ષેત્રે ટૂર ઓર્ગેનાઈઝર્સને પ્રશંસનીય કામગીરી માટે એવોર્ડ એનાયત કરાયા હતા.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્ય હતા.

આ પ્રસંગે મેયર શ્રીમતી બિજલબેન પટેલ, ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના નિયામક શ્રી અમીત ઠાકર તથા પ્રવાસન ક્ષેત્રે જોડાયેલા અગ્રણીઓ હાજર રહ્યા હતા. અને ચીમન વાઘેલાની હત્યા કરવામાં આવી હોવાનું મોડાસા ટાઉન પોલીસને જણાવતા ઘટનાસ્થળે દોડી આવેલ ટાઉન પી.આઈ દરજીએ મૃતકની લાશને પી.એમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ દરજીના જણાવ્યા અનુસાર મૃતક શ્રમિક ની હત્યા થઈ છે કે અન્ય કોઈ કારણસર મોત નીપજ્યું છે તે પોર્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડશે તેમ જણાવ્યું હતું.

# પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી પાલનપુરમાં થશે

પાલનપુર, તા. ૯

આગામી ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિનની ઉજવણી રાજ્ય સરકાર દ્વારા પાલનપુર ખાતે થનાર છે. મહામહીમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તા. ૨૫ અને ૨૬મી જાન્યુઆરીએ પાલનપુર ખાતે હાજર રહેશે.

૨૦૦૮ના વર્ષમાં સ્વાતંત્ર્યદિનની રાજ્યકક્ષાની ઉજવણી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પાલનપુરમાં કરી હતી. ત્યારબાદ દસ વર્ષ પછી પાલનપુરને પુનઃ તક મળી છે.

પાલનપુરમાં વિકાસમાં અનેક કડીઓ ખૂટી રહી છે. શહેરના વિકાસને ગતિ આપવામાં ભાજપશાસીત નગરપાલિકા પણ આ તકનો લાભ લઈ તંત્ર દ્વારા વિકાસના કામોના ખાત મુહૂર્તો થાય તો પણ પાલનપુરનુ ભાગ્ય ખુલશે.

# બાયજુ'સ હવે ટૂંકમાં ગુજરાતી ભાષામાં તેની એપ લોંચ કરશે

અમદાવાદ,તા.૯

ભારતની સૌથી મોટી એજ્યુકેશન કંપની અને દેશની સૌથી લોકપ્રિય અને પર્સનલાઈઝ્ડ સ્કુલ લર્નિંગ એપ બાયજુ'સ દ્વારા આજે ગુજરાતમાં ત્રણ સ્ટુડન્ટ કનેક્ટ સેન્ટર્સ લોંચ કરવાની જાહેરાત કરાઈ હતી. અમદાવાદમાં નવરંગપુરા, સુરતમાં મજુરા ગેટ અને રાજકોટમાં ઉદ્યોગનગર ખાતે આવેલા સમર્પિત આ નવા કેન્દ્રોને કારણે કંપનીને રાજ્યમાં તેનાં નેટવર્કના વિસ્તરણમાં મદદ મળશે અને વિદ્યાર્થીઓ ઉપરાંત પેરન્ટ્સને બાયજુ'સ ના પર્સનલાઈઝ્ડ લર્નિંગ પ્રોગ્રામ્સની અસર અને ફાયદા સમજવામાં ઘણી મદદ મળશે. બાયજુ'સ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં ૧૫ લાખ વિદ્યાર્થીઓ ઉમેરવામાં આવ્યા છે અને તેથી હવે ટૂંક સમયમાં જ બાયજુ'સ ગુજરાતી ભાષામાં પણ તેની લર્નિંગ એપ લોન્ચ કરશે એમ અત્રે બાયજુ'સના ચીફ ઓપરેટિંગ ઓફિસર મૃણાલ મોહીતે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરનાં મહિનાઓમાં અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મોટા શહેરોની સરખામણીમાં નવસારી, જુનાગઢ,જામનગર, મોરબી, મહેસાણા જેવાં નાના જિલ્લાઓમાં બાયજુ'સની સ્કૂલ લર્નિંગ એપનો એડોપ્શન રેટ ઊંચો રહ્યો છે. ભારતનાં સૌથી મોટા ઈન્ટીગ્રેટેડ સ્કુલ ક્વિઝ શો-ડિસ્કવરી સ્કુલ સુપર લીગ પાવર્ડ બાય બાયજુ'સમાં સૌથી વધુ ગુજરાતના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યની ૫૨૬ શાળાઓનાં ૨.૨૫ લાખ વિદ્યાર્થીઓની હાજરી એ ગુજરાતનાં વિદ્યાર્થીઓમાં અપેક્ષા અને મહત્વાકાંક્ષાનું ઊંચું પ્રમાણ દર્શાવે છે. ગુજરાતમાં ત્રણ નવા સ્ટુડન્ટ કનેક્ટ સેન્ટર્સ લોન્ચ થતાં બાયજુ'સના નિષ્ણાંતોની ટીમ કોઈ પણ વિદ્યાર્થીઓનાં ઘરે તેની વિનંતીથી તેમની લર્નિંગ એપનું ડેમોન્સ્ટ્રેશન કરશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બાયજુ'સના નિષ્ણાંતો સાથે સેશન નક્કી કરવા ૦૯૨૪૩૫૦૦૪૫૭પર કોલ કરી શકે છે. બાયજુ'સના ચીફ ઓપરેટિંગ ઓફિસર મૃણાલ મોહીતે વધુમાં ઉમેર્યું હતું કે, ૨૦૧૫માં લોંચ કરવામાં આવેલી બાયજુ'સ એપ ભારતમાં શાળાના વિદ્યાર્થીઓ માટે પર્સનલાઈઝ્ડ લર્નિંગ પ્રોગ્રામ્સ ઓફર કરવામાં અગ્રેસર છે. અને તે વિશ્વની સૌથી વધુ મુલ્યવાન એડ-ટેક કંપની છે. બાયજુ'સ એપ દ્વારા ત્રણ કરોડ વિદ્યાર્થીઓ ભણ્યા છે અને તેનાં ૨૦ લાખ વાર્ષિક પેઈડ સબસ્ક્રિપ્શન છે.



ગાંધીનગરની બાજુમાં આવેલ રાયસણ ગામ સ્થિત હરિધામ ઍન્કલૅવ સોસાયટીના હરિમંડળ ભજન ગ્રુપની બેહનો દ્વારા જાન્યુઆરી માસમાં શ્વાસ માટે લાડુ બનાવવા માટે શ્રમ યજ્ઞ કર્યો હતો. આ કામગીરી માટે હરિમંડળ ભજન ગ્રુપને બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે બીજી તસવીરમાં સેકટર-૨સી ખાતે ગોપી ભજન મંડળ દ્વારા સ્વાન માટે ૨૦ કિલોના લાડવા બનાવવામાં આવ્યા હતા. છેલ્લા ૧૪ વર્ષથી ગોપી મંડળ દ્વારા આ સેવાકીય કારગીરી ચાલી રહી છે.

## દબાણો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંપડાના દબાણો દુર કરાયા હતા. જયારે આ દબાણ ઝુંબેશ ચાલુ રહેશે. શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ લારી ગલ્લાના દબાણો પણ દુર કરાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દબાણકર્તાઓને દુર ખસી જવા અગાઉ પણ તંત્ર દ્વારા સુચના આપવામાં આવી હતી.જયારે હજુ પણ દબાણો દેખાતા આખરે તંત્ર દ્વારા દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધર્યુ છે.

## સહાયની માંગણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકારે વધુ ૧૫૦૦ કરોડની સહાય માંગતુ બીજુ પૂરક આવેદનપત્ર આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા દુષ્કાળની સ્થિતિને ધ્યાને રાખી કેટલાક અધિકારીઓને જિલ્લાવાર વિશેષ જવાબદારી સોંપવાની બાબતે પણ વિચારણા હાથ ધરી છે. આ માટે વાયબ્રન્ટ સમીટ પછી તુરત જ નિર્ણય લેવામાં આવશે તેમ સામાન્ય વહીવટી વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં દુષ્કાળની સ્થિતિને લઈ જે રોડમેપ સરકારે તૈયાર કર્યો હતો તેમાં બદલાતી જતી સ્થિતિને લઈ ઘણા મહત્વના ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

## મતદારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવાની હતી, પરંતુ કેટલીક તકનીકી બાબતોને લઈ આ વિલંબ થયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૧૨ લાખ ૩૫ હજારથી વધુ મતદારો નોંધાયા છે તેમાં ૬,૨૪,૨૦૨ પુરૂષ અને ૫,૮૯,૯૧૬ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને લઈ નવા મતદારો જે ૧-૧-૧૯ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરી ચુક્યા છે તેમના નામની નોંધણી માટે પણ વિશેષ અભિયાન આગામી દિવસોમાં હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે. આ ઉપરાંત મતદાર જાગૃતિ અભિયાન અંગેનુ આયોજન પણ તંત્ર દ્વારા તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## ટોઈંગ ક્રેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાતીઓ ઉમટી પડે છે. જયારે આ સ્થિતિ વચ્ચે નગરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ ગોઠવાય છે. આ ઉપરાંત પૈડા પરની જિન્દગી પણ જોખમાય નહીં અને ટ્રાફિક જામના દ્રશ્યો ન સર્જાય તે માટે વાહન પાર્કીંગ અને ટ્રાફિક નિયમન યોગ્ય રીતે જળવાય તે પણ અનિવાર્ય હોવાથી આડેધડ પાર્ક થતા વાહનોને અનુલક્ષીને પણ કડક પગલા લેવાશે. આર ટી ઓ દ્વારા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા જળવાય તે માટે ૨૦ જેટલા ટોઈંગ ક્રેઈન કામે લગાડાશે. જયારે શહેરમાં ગમે ત્યાં પાર્ક થયેલા વાહનોને ટોઈંગ કરવામાં આવશે. અલબત્ત વાઈબ્રન્ટ દરમિયાન આડેધડ વાહનો પાર્ક કરવાનુ વાહનચાલકો માટે દંડનીય બનશે. વાઈબ્રન્ટને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરના વિવિધ મેદાનો પર પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેથી આડેધડ વાહનો પાર્ક થતા અટકાવી શકાય.

## બીલ પસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટીએમસી તથા અન્ય રાજકીય પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી અને આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચાલ્યો હતો. મોડી રાત સુધી ઉગ્ર ચર્ચા ચાલી હતી. રાજ્યસભામાં કેન્દ્રીયમંત્રી થાવરચંદ ગહેલોતે આ બિલને રજૂ કર્યુ હતું જેના લીધે ધાંધલ ધમાલ શરૂ થતાં કેટલીક વખત કામગીરી મોકૂફ કરવામાં આવી હતી. આ મુદ્દે કોંગ્રેસ તરફથી કપિલ સિબ્બલ, આનંદ શર્મા અને અન્ય વરિષ્ઠ નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. જ્યારે ભાજપ તરફથી રવિશંકર પ્રસાદ અને અન્યોએ પ્રતિક્રિયા આપી હતી. બહુજન સમાજ પાર્ટી તરફથી સતિષચંદ્ર મિશ્રા દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, આને પાસ કરવાના પ્રયાસ છેલ્લી ઘડીએ કેમ કરવામાં આવ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી તરફથી કપિલ સિબ્બલે કહ્યું હતું કે, આ બિલને લાવતા પહેલા કોઈપણ પ્રકારના ડેટા એકત્રિત કરવામાં આવ્યા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ સંદર્ભમાં અગાઉ પણ પ્રયાસો થઈ ચુક્યા છે પરંતુ આમા સફળતા હાથ લાગી નથી. તમામ આંકડાને ગણીને બંધારણમાં સુધારા કરવાની જરૂર છે. કેટલી નોકરીઓની તકો સર્જાઈ રહી છે તે મોટો પ્રશ્ન છે જેટલી નોકરીઓની તકો ઉભી થઈ રહી છે તેના કરતા વધારે નોકરીની તકો જઈ રહી છે.

લોકસભામાં બિલને પાસ કરવામાં આવ્યા બાદ આજે રાજ્યસભામાં ગરીબ સવર્ણો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ ધરાવતુ બંધારણીય સુધારા બિલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યુ હતુ. ભારે ધાંધલ ધમાલ વચ્ચે આ બિલ રજૂ કરવામાં આવ્યુ હતુ. કેબિનેટે સોમવારના દિવસે ઉચ્ચ સવર્ણ જાતિઓના આર્થિકરીતે નબળા લોકો માટે ૧૦ ટકા અનામતને લીલીઝંડી આપી હતી. ગરીબ સવર્ણો માટે સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતના પ્રસ્તાવને લીલીઝંડી આપી હતી.કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અનામતની આ નવી ફોર્મ્યુલાને લાગૂ કરવા માટે અનામતના ક્વોટાને વધારવાની હિલચાલ ધરાવે છે. ભારતીય બંધારણમાં આર્થિક આધાર પર અનામતની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં સરકારની પાસે ગેમચેન્જર ગણાતી આ હિલચાલને અમલી કરવા માટે બંધારણીય સુધારાનો એકમાત્ર રસ્તો રહેલો છે. અંતે રાજ્યસભામાં ૧૦ કલાકની ઉગ્ર ચર્ચા બાદ બીલ પસાર થયું હતું.

## અંદાજપત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધવામાં આવશે. આર્થિક સર્વે પણ એજ દિવસે રજૂ કરવામાં આવનાર છે. બજેટ સેશન બે તબક્કામાં યોજાનાર છે. ચૂંટણીના કારણે એક જ તબક્કામાં બજેટ સત્ર યોજવા માટેની તૈયારી કરવામાં આવી છે. વચગાળાનું બજેટ ખાસ વર્ષ માટે નાણાંકીય સ્ટેટમેન્ટ તરીકે રહે છે.

આ બજેટ સરકાર માટે ખુબ મહત્વપૂર્ણ છે કારણ કે, તેમાં લોકપ્રિય પગલા લેવાની સરકાર પાસે છેલ્લી તક છે. પ્રથા મુજબ વચગાળાના બજેટમાં ચૂંટણી વર્ષમાં એક નિર્ધારિત ગાળા માટે જરૂરી સરકારી ખર્ચ માટે જરૂરી મંજુરી લેવામાં આવે છે.

## હડતાળથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંગળવારે પણ આવી જ અસર જોવા મળી હતી. સરકારી બેંકોના કર્મચારીઓ પણ હડતાળ પર રહ્યા હતા જેથી રોકડ લેવડદેવડ, ચેક ક્લીયરન્સ, ઉપાડને અસર થઈ હતી. ૨૦ હજાર કરોડ રૂપિયાના ચેક ક્લિયરન્સની કામગીરી મંગળવારે અટવાઈ હતી.

બીજા દિવસે હડતાળ એકંદર શાંતિપૂર્ણ રહી હતી. તમામ જરૂરી સેવા પર પ્રતિકુળ અસર થઈ હતી. દેશના જુદા જુદા ભાગોમાં લોકોને મુશ્કેલી નડી હતી. સરકારના શ્રમ સુધારા અને શ્રમિક વિરોધી નીતિના વિરોધમાં ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા આ હડતાળ કરવામાં આવી હતી. વિવિધ રાજ્યોમાં બીજા દિવસે જાહેર પરિવહન અને બેકિંગ સેવા પર અસર થઈ હતી. બે દિવસીય ભારત બંધની કેટલાક રાજ્યોમાં માઠી અસર થઈ હતી. જેમા કેરળ અને બંગાળનો સમાવેશ થાય છે. શૈક્ષણિક સંસ્થાઓ, રેલવે, બેકિંગ, પોસ્ટલ અને પરિવહનની સાથે જોડાયેલા લોકો પણ હડતાળમાં સામેલ થયા હતા. બેંક, ટપાલ, પરિવહન દ્વારા રેલી યોજવામાં આવી હતી. કેટલાક રાજ્યોમાં બંધની અઈસર નહીંવત રહી હતી.



ઊંઝા નજીકના મક્તુપુર ગામની પ્રાથમિક શાળા નં. ૧ની વિદ્યાર્થીની નિધિ લક્ષ્મીકાંત સોલંકીએ યંગ ઝુડો નેશનલ છતિસગઢ (રાજનંદનગાંવ) ખાતે યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્ય, મહેસાણા જિલ્લા, મક્તુપુર ગામ અને શાળાનું ગૌરવ વધારેલ છે. તાજેતરમાં મક્તુપુર શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં શાખાના આચાર્ય પુષ્પાબેન પટેલ, દાતા ભરતભાઈ પટેલ અને શાળા પરિવારે ખેલાડીને ઈનામ આપી સન્માનિત કર્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧